# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત


બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

ફોન નંબર-0261-2662902, suratdeo@gmail.com , web :-www.suratdeo.org


જા.નં./મા-૨/૨૦૨૬/ ૪૭૭૫ તા.૨૫/૦૬/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ-સુરત

**વિષય**:- ચિત્ર શિક્ષક સેમિનાર માટે ચિત્ર શિક્ષકોના નામ મોકલવા બાબત.
**સંદર્ભ**:- ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ લકઅ/ચિત્રશિક્ષક સેમિનાર/૨૦૨૬-૨૭/૧૨૨ તા.૧૯/૦૬/૨૦૨૬

જયભારત સહ ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી ગાંધીનગર દ્વારા નજીકના ભવિષ્યમાં ૦૫ થી ૦૭ દિવસ માટે રાજયના ચિત્ર શિક્ષકોના ચિત્ર શિક્ષક સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. આ સેમિનારમાં ભાગ લેવા ધરાવતા ચિત્ર શિક્ષકોની માહિતી નીચે આપેલ લિંક અથવા QR Code પર સ્કેન કરી માહિતી તા.૦૧/૦૭/૨૦૨૬ સુધીમાં મોકલી આપવાની રહેશે,

| ક્રમ | કર્મચારીનું નામ | મો.નંબર | શાળાનું નામ | હાલનું સરનામું | કર્મચારીનું રહેઠાણનું સરનામું |
|---|---|---|---|---|---|
| | | | | | |

https://docs.google.com/spreadsheets/d/1beGA9cVBVxE0l6nnH9h1CC2qPeMqU-M58O56QbgoYAo/edit?gid=0#gid=0

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

Under Sports, Youth and Cultural Activities Departement,Govt.of Gujarat
GUJARAT STATE LALIT KALA ACADEMY
ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી
Abhilekhagar Bhawan, Nr. Fire Brigade, CH-Road, Sector-17, Gandhinagar.
Phone:079-26425562 e-mail:gujaratstatelalitkalaacademy@gmail.com

પત્રક્માંક:- લકઅ/ચિત્રશિક્ષકસેમિનાર/૨૦૨૬-૨૭/ ૧૨૨ તા. ૧૯/૦૬/૨૦૨૬

પ્રતિ,
સર્વે પ્રાથમિક/ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા પ્રાથમિક/ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીઓની કચેરી.

વિષય:- ચિત્ર શિક્ષક સેમિનાર માટે ચિત્ર શિક્ષકોના નામો મોકલવા બાબત.

સ્નેહીશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી,ગાંધીનગર દ્વારા નજીકના ભવિષ્યમાં ૦૫ થી ૦૭ દિવસ માટે રાજ્યના ચિત્ર શિક્ષકોના ચિત્ર શિક્ષક સેમિનારનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. આ સેમિનારમાં ભાગ લેવા આપના જિલ્લાના રસ ધરાવતા ચિત્ર શિક્ષકોના નામની ભલામણ તેમની શાળાના તથા ઘરના સરનામા તથા ફોન નંબર/મોબાઈલ નંબર સાથેની વિગતો આ કચેરીને ઉપરના સરનામે તા.૧૬/૦૭/૨૦૨૬ સુધીમાં મોકલી આપવા વિનંતી છે. (૨૬-૭-૨૬)

આ સેમિનારનું સ્થળ અને સમય નક્કી થયેથી આ શિક્ષકોને જણાવવામાં આવશે.આ સેમિનારમાં આવનાર ચિત્ર શિક્ષકોને ચિત્રકામ કરવા જરૂરી સાધન/સામગ્રી, ભોજન, નિવાસ, નિષ્ણાતોનું માર્ગદર્શન વગેરે અકાદમી દ્વારા પૂરું પાડવામાં આવશે.

આ શિબિરનું આયોજન ચિત્ર શિક્ષકોના ચિત્રકલાના ક્ષેત્રમાં તેઓની જાણકારી વધારવા માટે આવશ્યક હોઈ આપના જિલ્લાના ચિત્રશિક્ષકોના નામ અચૂક મોકલી આપવા વિનંતી.

આપનો વિશ્વાસુ

સચિવ
ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી
ગાંધીનગર